This Question Paper contains 16 printed pages.
*(Part - A & Part - B)*

Sl.No.0159251

# 10(G)

**(MARCH, 2017)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
|---|
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) એક પ્રજા જે પ્રકૃતિ પ્રેમી છે. વૃક્ષો, નદી, સૂર્ય, વરસાદ વગેરેની પૂજા કરતા, તેમનામાંથી ધાર્મિક વિધિઓ ઉદ્‌ભવી હતી તે પછી યજ્ઞયાગાદિ ક્રિયાઓ ભારતમાં શરૂ થઈ હતી.

(A) ઓસ્ટ્રોલોઈડ પ્રજા (B) નેગ્રીટો પ્રજા

(C) આર્ય પ્રજા (D) અલ્પાઈન પ્રજા

2) ભારતની પ્રજાને ભરપૂર પાણીવાળી નદીઓ, ઝરણાં, તરાઈના જંગલો, પવિત્ર યાત્રાધામ જેવા ભૂમિદશ્યોની ભેટ કોના દ્વારા આપવામાં આવી છે ?

(A) હિમાલય (B) સહ્યાદ્રિ

(C) અરવલ્લી (D) નિલગિરિ

3) નીચે આપેલ શહેરોમાંથી એક શહેર જે વીંટી, હાર, દામણી, ચૂની, કુંડલ જેવા અલંકારોમાં કિંમતી પથ્થરોનું જડતર કામ માટે જાણીતું છે ?

(A) રાજસ્થાન - જોધપુર (B) રાજસ્થાન - બિકાનેર

(C) ગુજરાત - સુરત (D) ઉત્તરપ્રદેશ - વારાણસી

4) મહાકવિ કાલીદાસને સુસંગત ચાર વિધાનો આપ્યાં છે. જેમાંથી એક વિધાન કવિ કાલીદાસ સાથે સંબંધ ધરાવતું નથી, તે કયું ?

(A) કાલીદાસની શ્રેષ્ઠ રચના 'અભિજ્ઞાન શાકુન્તલમ' હતી.

(B) કાલીદાસે વૈદર્ભિ શૈલીમાં નાટ્ય રચનાઓ રચી હતી.

(C) કાલીદાસની નાટ્ય રચનાને જર્મન કવિ ગેટે પ્રશંસા કરી હતી.

(D) મહાવીર ચરિતમ અને સ્વપ્નવાસવદત્તમ એ તેમની નોંધપાત્ર રચનાઓ છે.

5) પ્રાચીન સમયનું એક વેપાર વાણિજ્યનું કેન્દ્ર જ્યાંથી તાંબું ગાળવાની ભઠ્ઠી, ઓજારો બનાવવાના ઉપકરણો, ધાતુની બંગડી તથા સોનાના દાગીના વિ. ના અવશેષો મળ્યા તે સ્થળ ઓળખો.

(A) ધોળાવીરા (B) મોહેંજોદડો

(C) દેશળપુર (D) લોથલ

6) આપણા સાહિત્યિક વારસામાં ''અર્થશાસ્ત્ર'' નામના ગ્રંથનું નામ ગૌરવભેર લેવાય છે. નીચે પૈકીની કઈ બાબત આ ગ્રંથને યોગ્ય રીતે લાગું પડે છે ?

(A) તેમાં બૌદ્ધ તત્ત્વ જ્ઞાની નાગસેન અને મિલિન્દ વચ્ચેના સંવાદો આલેખવામાં આવેલા છે.

(B) તેમાં અર્થશાસ્ત્રને લગતા સિદ્ધાંતોનું આલેખન થયેલ છે.

(C) તે વહીવટી વિજ્ઞાનને લગતી કૃતિ છે.

(D) તેની રચના ભવભૂતિએ કરેલ છે.

7) નીચે વિભાગ A માં વંશજો આપ્યા છે તથા વિભાગ B માં રાજાઓના નામ આપ્યા છે. યોગ્ય જોડકા જોડી સાચાં વિકલ્પ પસંદ કરી દર્શાવો.

| A | | B | |
|---|---|---|---|
| a) | પલ્લવ વંશ | 1) | ભીમદેવ પ્રથમ |
| b) | મુઘલ વંશ | 2) | નૃસિંહવર્મન બીજો |
| c) | ચોલ વંશ | 3) | બાબર |
| d) | સોલંકી વંશ | 4) | રાજરાજ |

(A) (a-4) (b-1) (c-2) (d-3) (B) (a-2) (b-3) (c-4) (d-1)

(C) (a-2) (b-3) (c-1) (d-4) (D) (a-3) (b-4) (c-2) (d-1)

8) અકબરના દરબારમાં ઉર્દૂ સાહિત્યકાર મહંમદ હુસેન આઝાદ થઈ ગયા, જેમણે એક મૌલિક ગ્રંથની રચના કરી હતી.

(A) દરબારે-અકબરી (B) બિહારી-સતસઈ

(C) આયને અકબરી (D) અકબરનામા

9) સાહિત્ય વારસાને લગતા જોડકાને યોગ્ય રીતે જોડો.

| | A | | B |
|---|---|---|---|
| a) | ધર્મ તત્ત્વજ્ઞાન અને જ્ઞાન વિજ્ઞાનની પ્રાચીન ભાષા | i) | પ્રાકૃત |
| b) | ભગવાન મહાવીર અને બુધ્ધે જે ભાષામાં જનતાને ઉપદેશ આપ્યા. | ii) | પાલી |
| c) | પ્રારંભિક બૌધ્ધ સાહિત્યની રચના જે ભાષામાં થઈ. | iii) | તમિલ |
| d) | દ્રવિડ કુળની સૌથી પ્રાચીન ભાષા | iv) | સંસ્કૃત |

(A) a-ii, b-i, c-iv, d-iii (B) a-iii, b-ii, c-iv, d-iii

(C) a-iv, b-i, c-ii, d-iii (D) a-i, b-ii, c-iii, d-iv

10) પ્રાચીન ભારતના બૌધ્ધ સાહિત્યમાં અશ્વઘોષ રચિત ગ્રંથ 'બુધ્ધચરિત' કઈ ભાષામાં રચાયું હતું ?

(A) પાલી (B) સંસ્કૃત

(C) બ્રાહ્મી (D) પ્રાકૃત

11) આપણા વિજ્ઞાન-ટેક્નોલોજીના વારસા વિશે પશ્ચિમના દેશોએ ભારત વિરૂધ્ધ કેવી ટીકા કરી હતી ?

(A) ભારત ભય, ભૂખ, ભ્રષ્ટાચારનો દેશ છે.

(B) ભારત સામાજિક પછાતપણું ધરાવતો દેશ છે.

(C) ભારત ધર્મ-તત્ત્વજ્ઞાનમાં રચ્યો-પચ્યો રહે છે.

(D) ભારત માનવ અધિકારોથી વિરૂધ્ધ છે.

12) નીચે ચાર જોડકા તેના સાચા વિકલ્પો સાથે આપેલ છે. જેમાં એક જોડકાની વિગત બંધબેસતી નથી. જણાવો.

(A) પ્રજનન શાસ્ત્ર–બ્રાભવ્ય પાંચાલ

(B) વાગ ભટ્ટ–અષ્ટાંગ હૃદય

(C) ચક્રપાણિ દત્ત – ચિકિત્સા સંગ્રહ

(D) લીલાવતી ગણિત - આપસ્તંભ

13) દક્ષિણ ભારતમાં કોના શાસનકાળ દરમિયાન વિપુલ ધાતુ શિલ્પોનું નિર્માણ કરવામાં આવ્યું હતું ?

(A) ચાલુક્ય રાજવીઓ

(B) પલ્લવ રાજવીઓ

(C) ચોલ રાજવીઓ

(D) પાંડ્ય શાસકો

14) ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે 1565 માં યમુના નદી કિનારે આગ્રાનો કિલ્લો બંધાયો હતો, જ્યાં શાહજહાંએ જિંદગીના આખરી દિવસો આ કિલ્લામાં વિતાવ્યા હતા, આ કિલ્લો બંધાવનાર મુઘલ બાદશાહ કોણ હતો ?


(A) બાબર

(B) શાહજહાં

(C) અકબર

(D) હુમાયુ

15)



– આ સ્થળ વિજયનગરના સામ્રાજ્યની રાજધાનીનું નગર હતું.

– સ્થાપના હરિહર–બુક્કારાયે કરી હતી

– કૃષ્ણદેવરાયનો શાસનકાળ સુવર્ણયુગ કહેવાતો, તો ભારતમાં દર્શાવેલ આ સ્થાપત્ય નગર કયું છે ?

(A) હમ્પી

(B) પટ્ટદકલ

(C) ખજૂરાહો

(D) મહાબલિપુરમ્

16) મુઘલ બાદશાહ શાહજહાંએ દિલ્હી ખાતે મુઘલ શૈલીમાં લાલ કિલ્લાનું નિર્માણ કરાવ્યું, જેમાં આકર્ષણના કેન્દ્રો દિવાને-આમ, દિવાને-ખાસ, રંગમહેલ, મુમતાઝ શીશમહેલ તથા લાહોરી દરવાજા, મોતી મસ્જિદ હતા. આમાં મોતી મસ્જિદનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) જહાંગીર
(B) બહાદૂર શાહ
(C) ઔરંગઝેબ
(D) હમિદા બેગમ

17) નીચે જણાવેલ યાત્રા સ્થળો પૈકી ચારધામ યાત્રામાં કોનો સમાવેશ થાય છે ?

P) રામેશ્વર - બદરીનાથ

Q) જગન્નાથપુરી - દ્વારકા

R) હરીદ્વાર - સોમનાથ

S) ઉજ્જૈન – નાસિક

(A) P અને R બંને
(B) P અને Q બંને
(C) R અને S બંને
(D) Q અને R બંને

18) આપણા દેશમાં ઉજવાતા પ્રાદેશિક તહેવારો જેવા કે પોંગલ, બિહુ, ઓણમ, ગણગોર છે. આ તહેવારો ઉજવાતા હોય તે રાજ્યોને પૂર્વથી પશ્ચિમ દિશા તરફ સાચા ક્રમમાં દર્શાવો.

(A) કેરળ - રાજસ્થાન - તમિલનાડુ - અસમ

(B) અસમ – તમિલનાડુ – કેરળ – રાજસ્થાન

(C) અસમ – કેરળ – તમિલનાડુ – રાજસ્થાન

(D) અસમ – રાજસ્થાન – તમિલનાડુ – કેરળ

19) નીચેના પૈકી કઈ ભૌગોલિક પરિસ્થિતિ દ્વારા જમીનની પરિપક્વતા નક્કી થાય છે ?

(A) આબોહવા
(B) ભૂમિનો ઢાળ
(C) તળખડકો
(D) સમયગાળો

20) યુનેસ્કોના 'માનવ અને જૈવ ભૌગોલિક વિસ્તાર' કાર્યક્રમ અંતર્ગત વિશ્વમાં કયા પ્રકારના વિસ્તારો બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે ?

(A) અભ્યારણ્યો (B) જંગલ વિસ્તારો

(C) રાષ્ટ્રીય ઉદ્યાનો (D) જૈવ આરક્ષિત ક્ષેત્રો

21) વનસ્પતિ અને વન્યજીવનને લગતા ઉજવણીના દિવસોને જાન્યુઆરીથી ડિસેમ્બર કેલેન્ડર વર્ષ મુજબ નીચે પ્રમાણે ફાળવણી કરેલ છે. જેમાંથી સાચો વિકલ્પ શોધો.

1) વિશ્વ પર્યાવરણ દિન

2) વિશ્વ વન દિન

3) જૈવ વિવિધતા દિવસ

4) વન્ય પ્રાણી દિવસ

(A) 3, 2, 1, 4 (B) 2,1, 4, 3

(C) 2, 3, 4, 1 (D) 1, 2, 3, 4

22) ભારતના ઉત્તર-પૂર્વના રાજ્યો, પશ્ચિમ બંગાળના હિમાલયની તળેટી, દક્ષિણ ભારતના નિલગીરી અને અનાઈ મલાઈની ટેકરીઓમાં કઈ પધ્ધતિ દ્વારા ખેતી થાય છે ?

(A) આત્મનિર્વાહ ખેતી (B) સઘન ખેતી

(C) બાગાયતી ખેતી (D) સ્થળાંતરીય ખેતી

23) ભારતમાં કૃષિક્ષેત્રે સંશોધન તથા શિક્ષણ આપતી સંસ્થા કઈ છે ?

(A) ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR)

(B) નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)

(C) ડિપાર્ટમેન્ટ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ એન્ડ એજ્યુકેશન (DARE)

(D) ગુજરાત તેલીબીયાં ઉત્પાદક સંઘ (GROFED)

24) પાક અને પ્રદેશને લગતા જોડકાને યોગ્ય રીતે જોડતો વિકલ્પ પસંદ કરો.

| | A | | B |
|---|---|---|---|
| a) | ઘઉં | i) | જૂનાગઢ જિલ્લો |
| b) | કપાસ | ii) | ભાલ પ્રદેશ |
| c) | તમાકુ | iii) | કાનમ પ્રદેશ |
| d) | મગફળી | iv) | ચરોતર પ્રદેશ |

(A) a-ii, b-iv, c-i, d-iii
(B) a-iii, b-ii, c-i, d-iv
(C) a-ii, b-iii, c-i, d-iv
(D) a-ii, b-iii, c-iv, d-i

25) ગુજરાતમાં મોટા ભાગની ખાંડની મિલો કયા ધોરણે સ્થપાય છે ?

(A) સહકારી
(B) રાજ્ય સંચાલિત
(C) ભાગીદારી
(D) વિદેશી મૂડી સહયોગ

26) બીજી સદીમાં પાણીનો ઉપયોગ સિંચાઈ કરવા માટે 'ગ્રાન્ડ એનિકટ નહેર' નું નિર્માણ કઈ નદીમાંથી થયું હતું ?

(A) કૃષ્ણા નદી
(B) કાવેરી નદી
(C) નર્મદા નદી
(D) યમુના નદી

27) માનવ સંસ્કૃતિના કેટલાક મહત્ત્વના તબક્કાઓ ખનીજોથી ઓળખાય છે. નીચેના ખનીજોના તબક્કાઓને ક્રમમાં ગોઠવી સાચો વિકલ્પ શોધો.

1) લોહ યુગ
2) તામ્ર યુગ
3) પાષાણ યુગ
4) અણુ યુગ

(A) 2, 3, 1, 4
(B) 1, 3, 2, 4
(C) 3, 2, 1, 4
(D) 3, 2, 4, 1

28) ભારતીય લોખંડની કાચી ધાતુની નિકાસ કરતાં બંદરોમાં એકનો સમાવેશ થતો નથી.

(A) પારાદ્વિપ
(B) મેંગ્લોર
(C) વિશાખાપટ્ટનમ્
(D) કોચીન

29) ભારતમાં પ્રથમ વિન્ડ ફાર્મ તુતીકોરીન - તામિલનાડુ રાજ્ય, તો ભારતનું સૌથી મોટું વિન્ડફાર્મ ગુચ્છ કયા રાજ્યમાં છે ?

(A) આંધ્રપ્રદેશ
(B) તમિલનાડુ
(C) કર્ણાટક
(D) ઓરિસ્સા

30) નીચે ચાર વિગતો વર્ણવી છે જેમાં ઉદ્યોગનું નામ - સ્થળ - રાજ્ય તેમજ સ્થાપના વર્ષ દર્શાવ્યા છે. જેનો અભ્યાસ કરતા એક વિગત અસત્ય જણાય છે. જણાવો.

(A) લોહ અયસ્ક પ્રગલન – પોર્ટનોવા– તામિલનાડુ - 1830
(B) સુતરાઉ કાપડ – મુંબઈ – મહારાષ્ટ્ર - 1854
(C) લોખંડ પોલાદ ઉદ્યોગ – બર્નપુર - પશ્ચિમ બંગાળ - 1864
(D) રાસાયણિક ખાતર ઉદ્યોગ – રાનીપેટ– તામિલનાડુ- 1906

31) નીચે ઉદ્યોગોનું વર્ગીકરણ જોડકા સ્વરૂપે જણાવ્યા છે. જેમાં એક જોડકુ ખરું નથી.

(A) મોટા પાયા પરનો ઉદ્યોગ - સુતરાઉ કાપડ ઉદ્યોગ
(B) નાના પાયા પરનો ઉદ્યોગ - ગોળ અને ખાંડ ઉદ્યોગ
(C) હલકો ઉદ્યોગ - સિલાઈ મશીનનું નિર્માણ
(D) ભારે ઉદ્યોગ - ખાંડ ઉદ્યોગ

32) સામાજિક વિજ્ઞાનના તાસમાં શ્રી દેસાઈ સાહેબ લોખંડ-પોલાદ ઉદ્યોગના કેન્દ્રો પૈકી એક કેન્દ્રની માહિતી આપી રહ્યા હતા જેવી કે આ કેન્દ્ર લોખંડની કાચી ધાતુ તથા અબરખની નિકાસ રાષ્ટ્રોમાં કરે છે તેનો વહિવટ SAIL હસ્તક છે અને તે તટવર્તી સ્થાન ધરાવે છે. ઉપર્યુક્ત માહિતી આધારે કયા કેન્દ્રનું સૂચન કરેલ છે ?

(A) વિશાખાપટ્ટનમ્
(B) કોલકાતા
(C) જમશેદપુર
(D) તુતીકોરીન

33) ભારતમાં રેલવે એન્જિન નિર્માણના મુખ્ય બે કેન્દ્રો જણાવો.

(A) કર્ણાટક (બેંગ્લોર) - પશ્ચિમ બંગાળ ( કોલકાતા)

(B) પશ્ચિમ બંગાળ (ચિત્તરંજન) – ઉત્તરપ્રદેશ (વારાણસી)

(C) મહારાષ્ટ્ર (નાસિક) – ગુજરાત (વાપી)

(D) તામિલનાડુ (પેરામ્બુર) - મહારાષ્ટ્ર ( મુંબઈ)

34) ભારતનો સૌથી લાંબા અંતરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 7 લંબાઈ 2372 કિલોમીટરની છે. મુખ્ય કયા બે શહેરો સાથે જોડાયેલો છે ?

(A) ગૌહાટીથી ત્રિવેન્દ્રમ

(B) અમૃતસરથી કન્યાકુમારી

(C) પોરબંદરથી સિલ્હટ

(D) વારાણસીથી કન્યાકુમારી

35) આજે વિકાસશીલ દેશોમાં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થતા કયા ક્ષેત્રનું મહત્ત્વ ઘટ્યું છે ?

(A) સેવા ક્ષેત્ર

(B) માધ્યમિક ક્ષેત્ર

(C) પ્રાથમિક ક્ષેત્ર

(D) રાજકીય ક્ષેત્ર

36) બજાર પધ્ધતિના કેટલાક લક્ષણો નીચે આપેલ છે. તેમાંથી એક લક્ષણ બંધબેસતું નથી. તે શોધો.

(A) નિર્ણયો આયોજન પંચ દ્વારા લેવાય છે.

(B) મુખ્ય હેતુ નફો મેળવવાનો છે.

(C) સરકારનો હસ્તક્ષેપ હોતો નથી.

(D) ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી–વ્યક્તિગત હોય છે.

37) દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ જનસંખ્યા વડે ભાગતાં કઈ આવક મળે છે ?

(A) વાર્ષિક આવક

(B) માથાદીઠ આવક

(C) દૈનિક આવક

(D) સરેરાશ આવક

38) મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓમાં એક મર્યાદા ખોટી છે, તે જણાવો.

(A) અસ્થિરતા

(B) સંકલનનો અભાવ

(C) વિકાસનો ઊંચો દર

(D) આર્થિક નીતિના સાતત્યનો અભાવ

39) વિશ્વ વેપાર સંગઠનનું વડું મથક કયા સ્થળે આવેલું છે ?

(A) ન્યૂયોર્ક (B) ઈંગ્લેન્ડ

(C) બર્લીન (D) જીનીવા

40) વૈશ્વિકીકરણનો ખ્યાલ વિદેશી મૂડીરોકાણની નીતિ અને બીજી કઈ નીતિ સાથે સંકળાયેલ છે ?

(A) વિદેશ વેપાર નીતિ (B) નાણાકીય નીતિ

(C) રાજકોષીય નીતિ (D) ઔદ્યોગિક નીતિ

41) નીચેની વિગત ધ્યાનથી વાંચો, જેમાં સરકાર વેતન ચૂકવતી નથી, ભવિષ્યમાં તેને રોજગારી મેળવવાના હેતુથી તાલિમ અને શિક્ષણ પુરુ પાડે છે. વિધાન સાથે સુસંગત કાર્યક્રમ જણાવો.

(A) જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના

(B) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના

(C) સ્વરોજગારી યુક્ત ગરીબી નિવારણ કાર્યક્રમ

(D) વેતનયુક્ત ગરીબી નિવારણ કાર્યક્રમ

42) ભારતમાં ખેતી જેવાં ક્ષેત્રમાં વધારાના શ્રમિકના કાર્યથી ખેત ઉત્પાદનમાં વધારો થતો નથી તો તેવા શ્રમિકની કેવી બેરોજગારી ગણાવશો ?

(A) મોસમી બેરોજગારી (B) શિક્ષિત બેરોજગારી

(C) માળખાગત બેરોજગારી (D) પ્રચ્છન્ન બેરોજગારી

43) 'પ્રધાનમંત્રી ગ્રામોધ્ધાર યોજના' અંતર્ગત એક યોજના ખોટી દર્શાવી છે. તે જણાવો.

(A) રાષ્ટ્રીય સામાજિક સહાય યોજના (B) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

(C) નિર્મલ ભારત અભિયાન (D) સર્વ શિક્ષા અભિયાન

44) ક્રાંતિકારી અને આતંકવાદી બાબતે નીચે જણાવેલ વિધાનોમાંથી કોઈ એક વિધાન બંને વચ્ચે પાયાનો તફાવત દર્શાવે છે. તે ઓળખી કાઢો ? ( આ વિધાનો સાચાં કે ખોટાં હોય તે જરૂરી નથી)

(A) ક્રાંતિકારી હંમેશા અહિંસક આંદોલન કરે છે, જ્યારે આતંકવાદી હંમેશાં હિંસક આંદોલન કરે છે.

(B) ક્રાંતિકારીઓ પોતે આંદોલન કરતા હોય છે. જ્યારે આતંકવાદીઓ હંમેશાં ભાડાના સૈનિકોના રૂપમાં હોય છે.

(C) ક્રાંતિકારી કદાપિ કોઈ નાગરિકોના વિરોધી હોતા નથી પરંતુ શાસન પ્રણાલીના વિરોધમાં લોભલાલચ વિના સ્વયંપ્રેરિત પોતાની માતૃભૂમિ માટે લડતા હોય છે. જ્યારે આતંકવાદીઓને નાગરિકોની કોઈ પરવા હોતી નથી.

(D) ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ એ ક્રાંતિકારી ચળવળ હતી જ્યારે કાશ્મીરમાં વર્ષોથી ચાલી રહેલ સંઘર્ષ એ આતંકવાદ છે.

45) સામાજિક, આર્થિક તથા શૈક્ષણિક પાસાઓને ધ્યાને લઈ 'અન્ય પછાત' વર્ગોમાં કઈ જાતિઓનો સમાવેશ કરવો તેની ન્યાયિક તપાસ સારૂ ગુજરાત રાજ્યમાં કયા પંચની રચના કરવામાં આવેલ ?

(A) બક્ષી પંચ

(B) માંડલ પંચ

(C) નાણાવટી પંચ

(D) બળવંતરાય મહેતા પંચ

46) સરકાર દ્વારા નીચે પૈકીની કઈ બાબત માટે કરાયેલ ખર્ચ એ ''માનવસંસાધન'' વિકાસ માટેનું મૂડી રોકાણ કહેવાય ?

(A) દરેક ગામને જોડતા રસ્તા બનાવવા.

(B) ખેત-પેદાશો આધારિત ઉદ્યોગો સ્થાપવા.

(C) દરેક જીલ્લામાં રમત સંકુલો બનાવવા.

(D) બંદરો અને જેટીનો વિકાસ કરવો.

**47)** નીચે રાજ્યો અને તેમના બળવાખોર સંગઠનોની વિગતો આપેલ છે જેના સાચા જોડકા જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| A | | B | |
|---|---|---|---|
| a) | અસમ | 1) | પિપલ્સ વૉર ગ્રુપ |
| b) | મણિપુર | 2) | યુનાઈટેડ માઈનોરીટી ફ્રન્ટ |
| c) | પશ્ચિમ બંગાળ | 3) | કૂકી નેશનલ ફ્રન્ટ |

(A) (a-2) (b-3) (c-1) (B) (a-3) (b-1) (c-2)

(C) (a-2) (b-1) (c-3) (D) (a-3) (b-2) (c-1)

**48)** મહિલા સશક્તિકરણ બાબતે નીચેનામાંથી કયું વિધાન અસત્ય છે ?

(A) સ્ત્રીઓને સામાજિક સુરક્ષા અને તકોનું નિર્માણ થાય તેવી વ્યવસ્થા સરકારે કરી છે.

(B) ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા માટે ''વિદ્યાદીપ'' યોજના અમલી છે.

(C) મહિલા સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિનું એક લક્ષ્યાંક સ્ત્રી-પુરૂષ સમાન દરજ્જો હતું.

(D) ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં દર હજાર પુરૂષ દીઠ સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ ગુજરાતમાં સૌથી વધુ છે.

**49)** નબળા વર્ગોની સામાજિક સમજ અને ઉદ્ધાર, સામાજિક પરિવર્તન, ન્યાય અને માનવ ગરિમા માટે કામ કરતી વ્યક્તિને કયો પુરસ્કાર અપાય છે ?

(A) રાષ્ટ્રપતિ પુરસ્કાર

(B) ડૉ. બાબા સાહેબ આંબેડકર પુરસ્કાર

(C) મહાત્મા ગાંધી પુરસ્કાર

(D) ભારત રત્ન પુરસ્કાર

**50)** કયા પ્રકારના લોકોના હિત સારું સરકારે નીચે મુજબના પગલા લીધા છે ?

- તેઓના પુનર્વાસ માટે 1992 નો કાયદો.
- સરકારી નોકરીઓમાં 3% બેઠકો અનામત.
- 18 વર્ષ સુધી નિ:શુલ્ક શિક્ષણ
- મકાન, વેપાર, ધંધો, રોજગાર વિગેરે માટે, રાહતદરે જમીન

(A) વિકલાંગ (B) મહિલાઓ

(C) અનુસૂચિત જાતિની વ્યક્તિઓ (D) બાળ મજૂરો

# 10(G)

**(MARCH, 2017)**

---

**(Part - B)**

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નોના ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

---

## વિભાગ- A

■ **નીચેના પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

1) જાહેર મિલકત તેમજ પર્યાવરણને કોઈ નુકશાન પહોંચાડી રહ્યું છે, તો તમે શું કરશો ? **[2]**

2) પ્રાચીન ભારતના તમિલ સાહિત્યમાં સંગમ આયોજન થયું હતું, જેમાં સંગમ સાહિત્ય વિશે ચર્ચા કરો. **[2]**

3) પ્રાચીન ભારતના લોહસ્તંભ વિશે માહિતી આપો. **[2]**

અથવા

પ્રાચીન ભારતના ખગોળશાસ્ત્રનો ખ્યાલ આપી આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્તની ખગોળશાસ્ત્રીય સિદ્ધિ જણાવો.

4) કાળી જમીનને દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશની ભેટ ગણવામાં આવે છે – વિધાન ચર્ચો. **[2]**

5) ભારતમાં ‘ચા’ કૃષિ પાક માટે અનૂકુળ સંજોગો જણાવી પકવતા રાજ્યો જણાવો. **[2]**

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

6) પાકની ઉત્પાદકતા અને ગુણવત્તા સિંચાઈ પર આધાર રાખે છે, કારણ આપો. [2]

7) ભારતમાં શણ ઉદ્યોગ પશ્ચિમ બંગાળમાં શાથી કેન્દ્રિત થયો છે ? [2]

8) પર્યાવરણની સુરક્ષા માટે કયા કયા પગલાં લેવામાં આવ્યા છે ? [2]

9) તફાવત સ્પષ્ટ કરો.
નિરપેક્ષ ગરીબી – સાપેક્ષ ગરીબી [2]

અથવા

'વસ્તીવૃદ્ધિ બેરોજગારી ઘટાડવા માટે અવરોધક પરિબળ સાબિત થયું છે.' – વિધાન સ્પષ્ટ કરો.

10) માનવ વિકાસ માટે સાક્ષરતા ખૂબ જ જરૂરી છે. શા માટે ? [2]

## વિભાગ- C

■ **નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

11) સંગીતકલાનો પરિચય આપી માત્ર પ્રકાર જણાવી સંગીતકારોના નામ લખો. [3]

12) સ્તંભાલેખોની માહિતી આપી સારનાથના સ્તંભની ટૂંકમાં નોંધ આપો. [3]

13) જંગલોના નિકંદનને કારણે કઈ કઈ વિનાશક અસરો સર્જાઈ છે ? [3]

14) બાયોગેસનો પરિચય આપી, ગુજરાતમાં કયા કયા સ્થળે બાયોગેસ પ્લાન્ટ સ્થપાયા છે ? [3]

અથવા

કોલસાના પ્રકાર જણાવી દરેકની ટૂંકમાં માહિતી આપો.

15) બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમને આપવામાં આવેલ બાળ અધિકારોની ચર્ચા કરો. [3]

## વિભાગ- D

■ **નીચેના પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

16) ભારતે **'वसुधैव कुटुम्बकम्'** ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે. સમજાવો. [5]

17) ભાવ વધારો નિયંત્રણ લાવવા સરકારે લીધેલ પગલાંની ચર્ચા કરો. [5]

અથવા

બજારમાં ઉપભોક્તા (ગ્રાહક) નું શોષણ કઈ કઈ રીતે કરવામાં આવે છે ?

18) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. [5]

(1) કૉફી પકવતો કૂર્ગ પ્રદેશ.

(2) હિરાકુડ યોજના

(3) અબરખની ખનીજ ઉત્પાદક ક્ષેત્ર

(4) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગની રાજધાનીનું કેન્દ્ર

(5) મુંબઈથી કોલકાતા રેલવે માર્ગ (2 અટક સ્થાન જણાવો)

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :**

(1) કૉફી પકવતો કૂર્ગ પ્રદેશ કયા રાજ્યમાં આવેલો છે ?

(2) હિરાકુડ યોજના કઈ નદી પર આવેલી છે ?

(3) અબરખ ખનીજ ઉત્પાદક ક્ષેત્ર ધરાવતું રાજ્ય જણાવો.

(4) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગની રાજધાનીનું કેન્દ્ર જણાવો.

(5) મુંબઈથી કોલકાતા રેલવે માર્ગ પર આવતા અટક સ્થાનો જણાવો. (2 અટકસ્થાન જણાવો)